# આપણું યુજીવીસીએલ

UGVCL

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

અંક : ૭૭-૭૮, એપ્રિલ થી જુલાઈ : ૨૦૨૪




૧૦મા વિશ્વ યોગ દિવસની ઉજવણી



વીજ સલામતી સપ્તાહની ઉજવણી



યુજીવીસીએલના અધિકારીઓનો નિવૃત્તિ વિદાય સમારંભ



## સામાજિક દાયિત્વ (CSR) હેઠળ બનાસકાંઠામાં ધારાસભ્યશ્રી પ્રવિણભાઈ માળીના હસ્તે AI થી સુસજ્જ સ્માર્ટબોર્ડનું લોકાર્પણ

# આ અંકમાં


**અંક : ૭૭ - ૭૮**
**એપ્રિલ થી જુલાઈ : ૨૦૨૪**
**ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત**

**તંત્રી**
શ્રી અરુણ મહેશ બાબુ (એમ.એસ.), આઈ.એ.એસ.
મેનેજિંગ ડિરેક્ટર

**સંપાદક**
શ્રી વિજય એલ. ઓઝા, ઈન્ચાર્જ આસી. મેનેજર (પી. આર.)

**સંકલન સહાયક**
શ્રી એમ.એચ.પઠાણ, જુનિયર આસીસ્ટન્ટ (કોર્પોરેટ કોમ્યુનિકેશન સેલ)

**સંપાદક સમિતિ**
શ્રી જી.એચ.એન્જિનિયર, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી બી.જી.પ્રણામી, મુખ્ય ઇજનેર (પી.)
શ્રી આર.એમ.જૈન, જનરલ મેનેજર (ફાઈનાન્સ)
શ્રી એન.એમ.જોષી, કંપની સેક્રેટરી
શ્રી વી.એચ.અસારી, કાર્યવાહક વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)
શ્રી જી.જે.ધનુલા, વિશેષ મુખ્ય ઇજનેર (ટેક.)
શ્રી એચ.એમ.પટેલ, કાર્યવાહક અધિક્ષક ઇજનેર (ટેક.)
શ્રી બી.કે.પટેલ, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી સી.જે.રાજપાલ, અધિક્ષક ઇજનેર, સાબરમતી
શ્રી વી.બી.પટેલ, અધિક્ષક ઇજનેર, હિંમતનગર
શ્રી આઈ.જી.કટારા, અધિક્ષક ઇજનેર, પાલનપુર

**પ્રૂફરીડિંગ :** જ્યોત્સનાબહેન રાઠોડ,
નાયબ અધિક્ષક (વહીવટ),
મહેસાણા વિભાગીય કચેરી.

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, રજિસ્ટર્ડ અને
કોર્પોરેટ ઓફિસ, વિસનગર રોડ, મહેસાણા-૩૮૪૦૦૧.
www.ugvcl.com

**સંકલન અને સર્જન**
ફિનિસ્કોપ એન્ટરપ્રાઈઝ (લાભુ દેસાઈ)


**પ્રિય વાચકમિત્રો,**

**'આપણું યુજીવીસીએલ'** આપનું પોતાનું સામયિક છે. એમાં જેમ કંપનીને સંબંધિત વિવિધ સમાચારોને સ્થાન આપવામાં આવે છે તેમ આપણા પરિવારના સભ્યોની વિવિધ ક્ષેત્રે પ્રગતિની પણ તેમાં અચૂક નોંધ લેવામાં આવે છે. એટલું જ નહીં, આપણા પરિવારના સભ્યોની વિલક્ષણ પ્રતિભાને બહાર લાવવા માટે, એક સરસ મંચ તરીકે પણ સામયિકને ઉપયોગ કરવાનું અમારું ધ્યેય છે. આપણા જીવનમાં નવી સુગંધ આવે કે વાચકને કોઈ પણ ક્ષેત્રમાં પ્રગતિ માટે પ્રેરણા આપે તેવી કોઈ પણ પ્રકારની કૃતિઓને પણ આ સામયિકમાં ચોક્કસ સ્થાન આપવામાં આવશે. આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેના ઈમેઈલ આઈડી પર મોકલી શકો છો.
cccell@ugvcl.com

# આ અંકના આકર્ષણો...


## સંદેશ

## સામાજિક દાયિત્વ (C.S.R.)

- યુજીવીસીએલ દ્વારા સામાજિક દાયિત્વ (C.S.R.) હેઠળ બનાસકાંઠામાં ધારાસભ્યશ્રી પ્રવિણભાઈ માળીના હસ્તે ડીસા તાલુકાની શાળાઓમાં AI થી સુસજ્જ સ્માર્ટબોર્ડનું લોકાર્પણ ૦૪

## ઉજવણી : વીજ સલામતી સપ્તાહ

- હિંમતનગર વર્તુળ કચેરી દ્વારા વીજ સલામતી સપ્તાહની ઉજવણી ૦૬
- મહેસાણા વર્તુળ કચેરી દ્વારા વીજ સલામતી સપ્તાહની ઉજવણી ૦૭
- પાલનપુર વર્તુળ કચેરી દ્વારા વીજ સલામતી સપ્તાહની ઉજવણી ૦૮

## ઉજવણી : યોગ દિવસ

- યુજીવીસીએલ દ્વારા ૧૦મા વિશ્વ યોગ દિવસની ઉજવણી ૦૯
- હિંમતનગર વર્તુળ કચેરી દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી ૧૦
- સાબરમતી વર્તુળ કચેરી દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી ૧૧
- પાલનપુર વર્તુળ કચેરી દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી ૧૨
- કલોલ વિભાગીય કચેરી દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી ૧૩

## સંક્ષિપ્ત સમાચાર

- રજિસ્ટર્ડ કચેરી, મહેસાણા ખાતે હેલ્થ ચેક-અપ કેમ્પનું આયોજન ૧૪
- હિંમતનગર વર્તુળ કચેરી ખાતે હેલ્થ ચેક-અપ કેમ્પનું આયોજન ૧૫
- પાલનપુર વર્તુળ કચેરી ખાતે હેલ્થ ચેક-અપ કેમ્પનું આયોજન ૧૬

## રમતગમત

- હિંમતનગર વર્તુળ કચેરી ખાતે ૧૭મી ઈન્ટર સર્કલ ટેનીકોઈટ ટુર્નામેન્ટ યોજાઈ ૧૭
- પાલનપુર વર્તુળ કચેરી ખાતે ૧૭મી ઈન્ટર સર્કલ ટેબલટેનીસ ટુર્નામેન્ટ યોજાઈ ૧૯

## કવિતા

## લેખમાળા

## પ્રતિભાવ

## વિદાય

- રજિસ્ટર્ડ કચેરી, મહેસાણા ખાતે અધિકારીઓના નિવૃત્તિ વિદાય સમારંભનું આયોજન ૨૪

## વીજ સલામતી સપ્તાહ સંદેશ

## છલકાયા વિના સભર રહેવું એ ઐશ્વર્યને જાળવવાનો રસ્તો છે.

**- કૉન્ફ્યુશિયસ**



**કંપનીના માનવંતા ગ્રાહકોને અવિરતપણે વીજ પુરવઠો મળતો રહે તે માટે આપણે સૌ સાવચેતીના સૂચનોનો અમલ કરી સુરક્ષિત અને સફળ કામગીરી કરીએ.**

### પ્રિય કર્મચારી મિત્રો,

દર વર્ષની જેમ આ વખતે તારીખ ૦૧ જૂનથી ૦૭ જૂન, ૨૦૨૪ દરમિયાન આપણે સૌએ "વીજ સલામતી સપ્તાહ"ની ઉજવણી કરેલ. આપ સર્વેને મારી નમ્ર વિનંતી છે કે, વીજ સુરક્ષાના નિયમોનું ચુસ્ત પાલન કરી આપ સૌનું જીવન સુરક્ષિત રહે તે મુજબની કામગીરી કરવા માટે અનુરોધ છે.

માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની અપીલને માન આપીને સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા તારીખ ૨૧મી જૂનને વિશ્વ યોગ દિવસ તરીકે નિર્ધાર કર્યા બાદ આપણે ૧૦મા વિશ્વ યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરેલ. આપણે આ એક દિવસના પ્રોત્સાહનથી દરરોજ યોગાભ્યાસ કરીશું તો સૌ સ્વસ્થ રહીશું અને "સ્વસ્થ કર્મચારી, સ્વસ્થ કંપની"નો મંત્ર ચરિતાર્થ થશે.

કેન્દ્ર સરકારના નીતિ-નિયમોને આધિન કંપનીને મુખ્ય પ્રવૃત્તિ બાદ જે નફો થાય તેમાંથી સમાજ પ્રત્યેનું પોતાનું ઉત્તરદાયિત્વ બતાવવાની પણ કામગીરી હાથ ધરવાની હોય છે. તાજેતરમાં કંપની દ્વારા સામાજિક દાયિત્વ (C.S.R.) હેઠળ બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકામાં પાંચ શાળાઓમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સથી સુસજ્જ સ્માર્ટબોર્ડ અર્પણ કરીને સમાજસેવા માટેનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડેલ. જેના કારણે આ શાળાઓના વિદ્યાર્થીઓમાં ગતિશીલ, સમાવિષ્ટ અને અસરકારક શૈક્ષણિક વાતાવરણ બનવાથી તેમની સંલગ્નતા, સમજણ અને સહયોગ કૌશલ્યો વધારવાનો લાભ મળશે. ભવિષ્યમાં પણ સમાજ પ્રત્યેની આપણી નિષ્ઠાને આગળ ધપાવતા રહીએ એવી અભિલાષા.

મિત્રો, હાલમાં ચોમાસાની સિઝન આગળ વધી રહી છે ત્યારે મને સંપૂર્ણ વિશ્વાસ છે કે, આ સમયની પડકારજનક કામગીરી માટે આપણે સૌ સજ્જ છીએ. કંપનીના માનવંતા ગ્રાહકોને અવિરતપણે વીજ પુરવઠો મળતો રહે તે માટે આપણે સાવચેતીના સૂચનોનો અમલ કરી સુરક્ષિત અને સફળ કામગીરી કરવા માટે હું અનુરોધ કરું છું.

અંતમાં, ફરીવાર ચોમાસા દરમિયાનની કામગીરીમાં સલામતી માટે અત્યંત સજાગ રહેવા હું આપ સૌને હૃદયપૂર્વક અપીલ કરું છું.

**અરુણ મહેશ બાબુ**
(એમ.એસ.), આઇ.એ.એસ.
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

# યુજીવીસીએલ દ્વારા સામાજિક દાયિત્વ (C.S.R.) હેઠળ બનાસકાંઠામાં ધારાસભ્યશ્રી પ્રવીણભાઈ માળીના હસ્તે ડીસા તાલુકાની શાળાઓમાં AI થી સુસજ્જ સ્માર્ટબોર્ડનું લોકાર્પણ










ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા ઉત્તર ગુજરાતના વીજ ગ્રાહકોને સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજ પુરવઠો મળી રહે તે માટે યશસ્વી રીતે કામગીરી થઈ રહેલ છે. કેન્દ્ર સરકારના નીતિ-નિયમોને આધિન પોતાની મુખ્ય પ્રવૃત્તિ નિષ્ઠાપૂર્વક નિભાવ્યા બાદ જે નફો થાય છે, તેમાંથી કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી એટલે કે સમાજ પ્રત્યેનું પોતાનું ઉત્તરદાયિત્વ બતાવવાની પણ કામગીરી હાથ ધરવાની હોય છે. જે અંતર્ગત તારીખ ૨૦ તથા ૨૧ જૂન, ૨૦૨૪ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ (યુજીવીસીએલ) દ્વારા કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (C.S.R.) હેઠળ રૂપિયા ૨૩.૮૯ લાખના ખર્ચે બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાની પાંચ માધ્યમિક શાળાઓમાં એ.આઈ. સિસ્ટમથી સજ્જ એવા સ્માર્ટબોર્ડ ડીસા તાલુકાના ધારાસભ્યશ્રી પ્રવીણભાઈના હસ્તે અર્પણ કરવામાં આવેલ. સ્માર્ટબોર્ડના ઉદ્‌ઘાટન પ્રસંગે બનાસકાંઠા જિલ્લા શિક્ષણ વિભાગ તરફથી શ્રી શાંતિભાઈ જોશી, યુજીવીસીએલ વતી શ્રી પ્રણય વાવડીયા (અધિક્ષક), શ્રી વિજય ઓઝા (ઇન્ચાર્જ આસી. મેનેજર - પબ્લિક રિલેશન), કાકીની હ્યુમાનિટી એન.જી.ઓ. વતી ડૉ. આંચલ ખુરાના, શાળાના ટ્રસ્ટીગણ, આચાર્યશ્રી તેમજ સ્ટાફ ઉપસ્થિત રહેલ.

શાળા માટેના સ્માર્ટ ડિસ્પ્લે બોર્ડમાં વિવિધ વિશેષતાઓ રહેલ છે. જેવી કે, વર્ગખંડમાં ગમે ત્યાંથી સ્પષ્ટ દૃશ્યતા, મોટી સ્ક્રીન, શાર્પ અને વિગતવાર વિઝ્યુઅલ, એકસાથે બહુવિધ વપરાશકર્તાઓ દ્વારા ઇન્ટરેક્ટિવ ઉપયોગ માટે મલ્ટી-ટચ સપોર્ટ, સ્પષ્ટ ઓડિયો પ્લેબેક માટે ઉચ્ચ ગુણવત્તાવાળા સ્ટીરિયો સ્પીકર્સ, ઇન્ટરેક્ટિવ સત્રો અને વિડિયો કોન્ફરન્સિંગ માટે એકીકૃત માઇક્રોફોન, વાયરલેસ કનેક્શન માટે Wi-Fi અને બ્લુટુથ, બહુમુખી કનેક્ટિવિટી માટે બહુવિધ HDMI, USB, VGA અને ઇથરનેટ પોર્ટ, વાયરલેસ ડિસ્પ્લે શેરિંગ માટે સ્ક્રીન મિરરિંગ સપોર્ટ (દા.ત., મિરાકાસ્ટ, એરપ્લે, ગૂગલ કાસ્ટ), એનોટેશન ટૂલ્સ સાથે ડિજિટલ વ્હાઈટ બોર્ડ, ઓનલાઈન સ્ટોરેજ સેવાઓની સરળ એક્સેસ માટે ક્લાઉડ એકીકરણ, સ્ક્રેચ - પ્રતિરોધક કાચ અને મજબૂત કેસીંગ, સુરક્ષિત એક્સેસ માટે વપરાશકર્તા પ્રમાણીકરણ અને ડેટા એન્ક્રિપ્શન, સરળ નેવિગેશન સાથે ઉપયોગમાં સરળ ઇન્ટરફેસ, વર્ગખંડની સ્થિતિ (તાપમાન, ભેજ, હવાની ગુણવત્તા) પર દેખરેખ રાખવા માટે વૈકલ્પિક સેન્સર, વિડિયો કોન્ફરન્સિંગ અને રિમોટ લર્નિંગ માટે એકીકૃત અથવા બાહ્ય વેબકેમ સપોર્ટ. આવી વિવિધ સુવિધાસભર સ્માર્ટબોર્ડ વિદ્યાર્થીઓના અભ્યાસમાં ખૂબ જ વેગ વધારશે.

સ્માર્ટ ડિસ્પ્લે બોર્ડ મળવાથી વધુ ગતિશીલ, સમાવિષ્ટ અને અસરકારક શૈક્ષણિક વાતાવરણ બનવાથી વિદ્યાર્થીઓમાં તેમની સંલગ્નતા, સમજણ અને સહયોગ કૌશલ્યો વધારવાનો લાભ મળશે. આ પ્રકારની સુવિધા ઉપલબ્ધ થવાથી ડીસા તાલુકાની કુલ પાંચ શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને તેનો લાભ મળશે. ■

## લાભાન્વિત શાળાઓનાં નામ

- **નાલંદા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા - થરવાડા**
- **ડી.એન.પી. કન્યા શાળા - ડીસા**
- **શેઠ શ્રી એચ.એલ.માળી આદર્શ માધ્યમિક શાળા - માલગઢ**
- **વિવેક યુ.બી. અને એચ.એસ. વિદ્યાલય - રામસણ**
- **નુતન ભારતી વિદ્યાલય - ઝેરડા**





# હિંમતનગર વર્તુળ કચેરી દ્વારા વીજ સલામતી સપ્તાહની ઉજવણી




ભારતની અગ્રગણ્ય વીજ વિતરણ કંપની તરીકે પ્રસ્થાપિત થયેલ આપણા સૌની ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા ઉત્તર ગુજરાતમાં યોગ્ય વીજ વિતરણ કરવામાં આવી રહેલ છે. માનવંતા ગ્રાહકોની વીજ પુરવઠાની જરૂરિયાત તથા સુરક્ષામાં વધારો થાય તે માટે કંપની સતત પ્રયાસો કરે છે. કર્મચારીઓની કાર્યક્ષમતા વિકસાવવા તથા સુરક્ષા વધારવા જેમ કંપની સતત પ્રયત્નો કરે છે, તેમ કંપની દ્વારા વીજ ગ્રાહકોની સુરક્ષા માટે પણ અવિરત પ્રયત્નો થયેલ છે.

ઊર્જા શક્તિ દ્વારા અવિરત આગળ વધતી ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા તા. ૦૧/૦૬/૨૦૨૪ થી ૦૭/૦૬/૨૦૨૪ દરમિયાન "વીજ સલામતી સપ્તાહ"ની ઉજવણીનું આયોજન કરવામાં આવેલ. દર વર્ષની જેમ આ વર્ષે પણ હિંમતનગર વર્તુળ કચેરી ખાતે અલગ અલગ આયોજનો દ્વારા "વીજ સલામતી સપ્તાહ"ની ઉજવણી કરવામાં આવેલ. ઉજવણી દરમિયાન વીજ સલામતી જાગૃતિ અંગે વિવિધ કાર્યક્રમો જેવા કે, સેફ્ટી બેનર, લાઈન સ્ટાફ મિટિંગ, ક્રોસ બાઉન્ડ્રી મેઈન્ટેનન્સ, લાઈન મેઈન્ટેનન્સ, પેમ્ફલેટ વિતરણ વગેરે કામગીરીનું આયોજન કરવામાં આવેલ. તા. ૦૭ જૂન, ૨૦૨૪ના રોજ હિંમતનગર વર્તુળ કચેરી દ્વારા અધિક્ષક ઇજનેર શ્રી જી.જે.ધનુલા સાહેબની રાહબરી હેઠળ વીજ સલામતી સપ્તાહની ઉજવણી માટે વીજ સુરક્ષાના સૂત્રોચ્ચાર તથા સલામતી અંગેના વિવિધ બેનરોના પ્રદર્શન દ્વારા સલામતી જાળવવા માટે ગ્રાહકોમાં જાગૃતતા ફેલાવવા રેલીનું આયોજન કરવામાં આવેલ. આ રેલી હિંમતનગર વર્તુળ કચેરીના પટાંગણમાંથી પ્રસ્થાન કરીને હિંમતનગર શહેરના વિવિધ વિસ્તારોમાં ફરેલ. જેમાં હિંમતનગરના ૨૦૦ કર્મચારીઓ તેમજ અધિકારીઓએ ઉપસ્થિત રહી વીજ સલામતીનો સંદેશ જન જન સુધી ફેલાવવા માટે પ્રયત્ન કરી વીજ સલામતી સપ્તાહની ઉજવણી કરેલ. ■



# મહેસાણા વર્તુળ કચેરી દ્વારા વીજ સલામતી સપ્તાહની ઉજવણી



ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ "સર્વોત્તમ સેવા થકી સંતોષ" આપવાના ધ્યેયને ચરિતાર્થ કરવા માટે સતત પ્રયત્નશીલ રહે છે. ઉત્તર ગુજરાતના માનવંતા ગ્રાહકોને સાતત્યપૂર્ણ વીજ પુરવઠો મળી રહે તે માટે કંપની કટિબદ્ધ છે. યુજીવીસીએલ અતિ આવશ્યક સેવા સાથે સંકળાયેલ હોવાથી વિપરીત પરિસ્થિતિમાં પણ વીજ વિતરણની કામગીરી કરવા પ્રતિબદ્ધ છે. વીજ વિતરણ વ્યવસ્થામાં કંપનીના કર્મચારીઓ - અધિકારીઓ ઉપરાંત માનવંતા ગ્રાહકોની સુરક્ષા અત્યંત મહત્વની છે. "વીજ સુરક્ષાના નિયમોનું ચુસ્ત પાલન, રાખે સુરક્ષિત સૌનું જીવન"ના સૂત્ર થકી દરેકના સુરક્ષિત જીવન માટે યુજીવીસીએલ દ્વારા તા. ૦૧/૦૬/૨૦૨૪ થી તા. ૦૭/૦૬/૨૦૨૪ દરમિયાન "વીજ સલામતી સપ્તાહ"ની ઉજવણી કરવામાં આવેલ. ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની વર્તુળ કચેરી, મહેસાણાના તાબા હેઠળ




આવેલ પેટા વિભાગીય કચેરી ખાતે વીજ અકસ્માતોથી સલામતી માટે તા. ૦૭/૦૬/૨૦૨૪ ના રોજ "વીજ સલામતી સપ્તાહ"ની ઉજવણીના ભાગરૂપે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ. જેમાં વીજ સલામતી નિવારવા માટે વિભાગીય તેમજ પેટા વિભાગીય કચેરીઓ ખાતે "જિંદગી તો છે કિંમતી અમાનત, રાખો અકસ્માતથી કાયમ સલામત" જેવા સંવેદનશીલ તથા સૂચક બેનર લગાવવામાં આવેલ. જેના દ્વારા વીજ સલામતી અંગેની પ્રેરણા પૂરી પાડવામાં આવેલ. તે ઉપરાંત લાઈન સ્ટાફને વીજ અકસ્માતથી બચવા માટે માર્ગદર્શનના ભાગરૂપે મિટિંગ કરવામાં આવેલ, જેમાં વીજ સલામતી અંગેના શપથ લેવડાવવામાં આવેલ તેમજ માનનીય મેનેજિંગ ડિરેક્ટર સાહેબશ્રીનો સંદેશ આપવામાં આવેલ. ■





# પાલનપુર વર્તુળ કચેરી દ્વારા વીજ સલામતી સપ્તાહની ઉજવણી




ઉત્તર ગુજરાત વીજ કંપનીના વીજ ગ્રાહકોને ઉત્કૃષ્ઠ વીજ સેવા મળી રહે તે માટે કંપની સતત કાર્યરત છે. તદ્ઉપરાંત કર્મચારીઓની વીજ સલામતી માટે પણ કંપની સતત પ્રયત્નશીલ છે. આજના આધુનિક કાળમાં વીજળી અતિ આવશ્યક છે. માનવજીવન અમૂલ્ય છે. જો વીજ સલામતી ન રાખવામાં આવે તો કોઈનો પણ જીવ ગુમાવવાનો વારો આવી શકે છે. વીજ કરંટના ઝટકા, આગ, વિસ્ફોટ, સળગવું કે અન્ય પ્રકારના વીજ અકસ્માતો પ્રાણઘાતક બની શકે છે અથવા ગંભીર નુકસાન પહોંચાડી શકે છે. આવી ઘટનાઓ નિવારવા માટે, વીજ અકસ્માતોથી બચવા માટે દરેક વ્યક્તિએ સલામતીનું ધ્યાન રાખવું અત્યંત જરૂરી છે.

"સલામતીના નિયમોની ફરજ પાક્કી, તો આપ સૌનું સુરક્ષિત જીવન નક્કી"ના સૂત્રને સાકાર કરવા માટે પાલનપુર વર્તુળ કચેરી દ્વારા તારીખ ૦૧/૦૬/૨૦૨૪ થી ૦૭/૦૬/૨૦૨૪ દરમિયાન "વીજ સલામતી સપ્તાહ"ની ઉજવણી કરવામાં આવેલ. દર વર્ષની જેમ આ વર્ષે પણ પાલનપુર વર્તુળ કચેરી ખાતે અલગ અલગ આયોજનો દ્વારા વીજ સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવેલ. જે અંતર્ગત યુજીવીસીએલના અધિકારી તથા કર્મચારીઓએ વીજ સુરક્ષાના સૂત્રોચ્ચાર તથા સલામતી અંગેના વિવિધ બેનરોના પ્રદર્શન થકી સલામતી જાળવવા માટે, વીજ ગ્રાહકોમાં જાગૃતિ ફેલાય તે અર્થે વિશાળ રેલીનું આયોજન કરવામાં આવેલ. આ રેલી પાલનપુર શહેરના રાજમાર્ગો પર પસાર થયેલ, જેમાં ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના કર્મચારીઓ તેમજ અધિકારીઓ ઉપસ્થિત રહી સલામતીનો સંદેશ લોકો સુધી ફેલાવવા માટે પ્રયત્ન કરી વીજ સલામતી સપ્તાહની ઉજવણી કરેલ. ■








# યુજીવીસીએલ દ્વારા ૧૦મા વિશ્વ યોગ દિવસની ઉજવણી

## 'સ્વ અને સમાજ માટે યોગ' થીમ આધારિત વિશ્વ યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી




સમગ્ર વિશ્વમાં ભારતીય સંસ્કૃતિના એક ભાગ તરીકે સમાવાયેલ એવા યોગને માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોથી વિશ્વ સંસ્થા દ્વારા માન્યતા આપીને દર વર્ષે ૨૧મી જૂનના દિવસે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવવાનું નક્કી કરવામાં આવેલ છે. વિશ્વના દેશોમાં પણ આ દિવસે યોગ દિવસની ઉજવણી થાય છે. જે અંતર્ગત ૨૧ જૂન, ૨૦૨૪ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની વડી કચેરી તથા મહેસાણા વર્તુળ કચેરી દ્વારા સંયુક્ત રીતે યોગ શિબિરનું આયોજન કરવામાં આવેલ.






આ પ્રસંગે મહેસાણા વર્તુળ કચેરીના પટાંગણમાં યોજાયેલ યોગ શિબિરમાં કંપનીના વિશેષ મુખ્ય ઇજનેર (ટેક.) શ્રી જે.આર.ચૌધરી, કાર્યવાહક મહાપ્રબંધક (નાણાં) શ્રી આર.એમ.જૈન, કાર્યવાહક વિશેષ મહાપ્રબંધક (મા.સં.) શ્રી વી.એચ.અસારી, અધિક્ષક ઇજનેર (ટેક.) શ્રી એમ.એચ.પટેલ, વર્તુળ કચેરી મહેસાણાના અધિક્ષક ઇજનેર શ્રી એ.પી.પટેલ, અધિક્ષક ઇજનેર (સોલાર) શ્રી વી.બી.પટેલ, કાર્યવાહક નાયબ મહાપ્રબંધક (મા.સં.) શ્રી એચ.એન.ભાવસાર તથા અન્ય વરિષ્ઠ અધિકારીઓ - કર્મચારીઓએ આ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ. આ પ્રસંગે ઉપસ્થિત ઉચ્ચ અધિકારીઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ.

ત્યારબાદ વિવિધ યોગાસનો કરીને વિશ્વ યોગ દિનની ઉજવણી કરવામાં આવેલ. યોગ શિબિરના અંતે તમામ સહભાગીઓ માટે લીંબુનો રસ અને ફળાહારની વ્યવસ્થા કરવામાં આવેલ. ૨૧ જૂન, ૨૦૨૪ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની વડી કચેરી હસ્તકની વિવિધ વર્તુળ કચેરીઓ દ્વારા પણ ૧૦માં વિશ્વ યોગ દિનની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવેલ. ■



# હિંમતનગર વર્તુળ કચેરી દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી







# સાબરમતી વર્તુળ કચેરી દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી







# પાલનપુર વર્તુળ કચેરી દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી







# કલોલ વિભાગીય કચેરી દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી



યોગ એ પ્રાચીન ભારતીય પરંપરા છે. જેને આપણા ઋષિમુનિઓ, સંતોએ વર્ષોના અભ્યાસ બાદ માનવજીવનના લાભ માટે અમલમાં મૂકી છે. યોગથી માનવ શરીર તથા મસ્તિષ્ક પર સકારાત્મક અસર થાય છે. ભારતમાં રહેલા યોગ વિષયક આ જ્ઞાનને વિશ્વના તમામ નાગરિકો સુધી પહોંચાડવા માટે આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રયાસ કર્યો. જેના પરિણામ સ્વરૂપે દર વર્ષે ૨૧મી જૂને વિશ્વ યોગ દિવસ ઉજવવામાં આવે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપણી પ્રાચીન પરંપરા સમા યોગને વૈશ્વિક ઓળખ અપાવી છે. આજે વિશ્વના ૧૪૦થી વધુ દેશોમાં યોગનો અભ્યાસ કરવામાં આવી રહ્યો છે. દિન-પ્રતિદિન મોટી સંખ્યામાં નાગરિકો યોગના પ્રયોગ થકી પોતાનું જીવન શ્રેષ્ઠ બનાવી રહ્યા છે.

જે અંતર્ગત તારીખ ૨૧ જૂન, ૨૦૨૪ના રોજ કલોલ વિભાગીય કચેરીના પટાંગણમાં 'વિશ્વ યોગ દિવસ' ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. પ્રાંગણમાં ઉપસ્થિત કલોલ વિભાગીય કચેરીના તેમજ તાબા હેઠળના કર્મચારીઓની હાજરીમાં સવારે ૦૭:૦૦ થી ૦૮:૦૦ દરમિયાન 'વિશ્વ યોગ દિવસ' ની ઉત્સાહભેર ઉજવણી થયેલ. જેમાં યોગ આચાર્ય રીટાબેન અને તેમના સહકર્મી સીતાબેન દ્વારા ગાયત્રી મંત્રથી પ્રાર્થનાની શરૂઆત કરવામાં આવેલ. પ્રાર્થના બાદ આત્મશુદ્ધિ માટે યોગ આચાર્ય રીટાબેન દ્વારા મંત્રોચ્ચાર સાથે આહૂતિયજ્ઞ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ યોગ આચાર્ય દ્વારા યોગ અભ્યાસ શરૂ કરેલ. તે મુજબ તમામ કર્મચારીગણ દ્વારા તેઓનું શિસ્તબદ્ધ પાલન કરવામાં આવેલ અને સાથે સાથે યોગ આચાર્ય દ્વારા યોગ કરવાથી થતા ફાયદા અંગેની જાણકારી પણ આપવામાં આવેલ.



ત્યારબાદ કાર્યક્રમના અધ્યક્ષસ્થાનેથી કલોલ વિભાગીય કચેરીના કાર્યપાલક ઇજનેર શ્રી મજમુદાર સાહેબ દ્વારા કાર્યક્રમને અનુલક્ષીને યોગ વિશેની સવિશેષ માહિતી આપવામાં આવેલ. અંતમાં વિભાગીય કચેરીના નાયબ અધિક્ષક વહીવટ શ્રી એચ.એન.પ્રજાપતિ દ્વારા આભારવિધિ કરવામાં આવેલ તેમજ વિભાગીય કચેરીના પ્રાંગણમાં ઉપસ્થિત તમામ કર્મચારી ગણ તેમજ યોગ અભ્યાસ કરાવતાં યોગ આચાર્ય રીટાબેન અને તેમના સહકર્મી સીતાબેનનો આભાર વ્યક્ત કરવામાં આવેલ. વહીવટ વિભાગના તમામ કર્મચારીઓ દ્વારા 'વિશ્વ યોગ દિવસ'ના કાર્યક્રમનું સુંદર અને સફળ સંચાલન કરવામાં આવેલ. અંતમાં અલ્પાહાર લઈ 'વિશ્વ યોગ દિવસ'ના કાર્યક્રમની પૂર્ણાહુતિ જાહેર કરવામાં આવેલ. ■

# રજિસ્ટર્ડ કચેરી, મહેસાણા ખાતે હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન





તારીખ ૨૮ મે, ૨૦૨૪ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા સાલ હોસ્પિટલ, અમદાવાદના સહયોગથી રજિસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ કચેરી, મહેસાણાના કોન્ફરન્સ હોલ ખાતે હેલ્થ ચેક-અપ કેમ્પનું આયોજન કરવામાં આવેલ. કંપનીના અધિકારી - કર્મચારીઓની તંદુરસ્તીની જાગૃતિ માટે કંપનીના એચ.આર.વિભાગના સંકલનથી યોજાયેલ હેલ્થ ચેક-અપ કેમ્પમાં સાલ મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ, અમદાવાદના વિવિધ તબીબ તજજ્ઞો દ્વારા આરોગ્યની તપાસ કરવામાં આવેલ.

આ હેલ્થ ચેક-અપ કેમ્પમાં રજિસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ કચેરી, મહેસાણા કેમ્પસના અધિકારી - કર્મચારીગણ દ્વારા વિવિધ પ્રકારની પ્રાથમિક તપાસ જેવી કે, પલ્સ રેટ, બ્લડ સુગર, બ્લડ પ્રેશર, વજન, ઇ.સી.જી. વગેરેની તપાસણી કરવામાં આવેલ. આ કેમ્પમાં વડી કચેરીના વિવિધ વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓએ ઉપસ્થિત રહી હેલ્થ ચેક-અપ કેમ્પને સફળ બનાવેલ.

હેલ્થ ચેક-અપ કેમ્પ દરમિયાન સાલ મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ, અમદાવાદ ખાતેથી ડૉ.અંજલી (એમ.ડી. ફિઝિશિયન), ડૉ. કૃપા (એમ.ડી. ફિઝિશિયન) તથા તેમની તજજ્ઞ ટીમ દ્વારા તેઓના બહોળા અનુભવ અને તબીબી પ્રેક્ટિસ થકી કેમ્પમાં હાજર રહેલ કુલ ૧૪૬ અધિકારી - કર્મચારીગણને તેઓના આરોગ્ય સંબંધિત જરૂરી પ્રિસ્ક્રિપ્શન તથા માહિતી આપી નિદાન કરવામાં આવેલ.■





# હિંમતનગર વર્તુળ કચેરી ખાતે હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન







તારીખ ૦૭ જૂન ૨૦૨૪, શુક્રવારના રોજ હિંમતનગર વર્તુળ કચેરીના કૉન્ફરન્સ હૉલ ખાતે યુજીવીસીએલના સુચારુ સંકલન તથા BAPS યોગીજી મહારાજ હોસ્પિટલ, શાહીબાગના સહયોગથી કર્મચારીઓના આરોગ્યની કાળજીના ભાગરૂપે હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. જેમાં હિંમતનગર સ્વામિનારાયણ મંદિરના પૂજ્ય વિશ્વયોગી સ્વામીજી, પૂજ્ય પરમકીર્તન સ્વામીજી તેમજ વર્તુળ કચેરીના અધિક્ષક ઇજનેર શ્રી જી.જે.ધનુલા સાહેબ અને સહાયક સચિવ શ્રી આર.એમ.લીમ્બાચીયા તેમજ હિંમતનગર વિભાગીય કચેરીના શ્રી આર.ડી.વરસાત સાહેબે ભાગ લીધો હતો. પૂજ્ય વિશ્વયોગી સ્વામીજીએ પોતાના ઉદ્‌બોધનમાં જણાવેલ કે, આજના સમયમાં શરીર બાબતે નાનામાં નાની બાબતોની કાળજી રાખવી પણ કેટલી મહત્વપૂર્ણ છે. સાથે સાથે તેઓએ સ્વાસ્થ્યનું મહત્વ પણ સમજાવ્યું હતું. આ ઉપરાંત અધિક્ષક ઇજનેર શ્રી જી.જે.ધનુલા સાહેબે પણ પ્રસંગ અનુરૂપ તેમના વિચારો રજૂ કર્યા હતા.

આ કાર્યક્રમમાં હિંમતનગર વર્તુળ કચેરી, હિંમતનગર વિભાગીય કચેરી, હિંમતનગર પેટા વિભાગીય કચેરી (શહેર તેમજ ગ્રામ્ય) તેમજ મહેતાપુરા, રણાસણ, ગાંભોઈ તથા પ્રાંતિજ પેટા વિભાગીય કચેરીઓના કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં BMI (બોડી માસ ઇંડેક્સ), બ્લડ સુગર, આંખની ચકાસણી, બ્લડ પ્રેશર તથા અન્યની ચકાસણી કરવામાં આવી હતી. તપાસના અંતે તબીબો દ્વારા કર્મચારીઓને તેમના રિપોર્ટ મુજબ ભવિષ્યમાં શું કાળજી રાખવી જોઈએ તે બાબતે માહિતી આપવામાં આવેલ.

સવારથી સાંજ સુધી કાર્યરત આ કાર્યક્રમમાં આશરે ૨૦૦ કર્મચારીઓએ ભાગ લઈને આ કાર્યક્રમને સફળ બનાવવામાં સહયોગ આપેલ. આ કાર્યક્રમ થકી અનેક કર્મચારીઓએ પોતાના આરોગ્યની ચકાસણી થકી ભવિષ્ય માટે અગમચેતીના ભાગરૂપે શું કાળજી રાખવી જોઈએ તેની માહિતી મેળવી હતી, જેથી તેઓ સ્વસ્થ રહી પોતાનું જીવન આનંદપૂર્વક પસાર કરી શકે. ■

# પાલનપુર વર્તુળ કચેરી ખાતે હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન




આજના સમયમાં જેમ ઇલેક્ટ્રિસિટીની ખૂબ જ જરૂરિયાત છે, તે જ રીતે તે ક્ષેત્રમાં સંકળાયેલ કર્મચારીઓની તંદુરસ્તી પણ તેટલી જ જરૂરી છે. જે માટે તારીખ ૦૮ જુલાઈ, ૨૦૨૪ના રોજ પાલનપુર વર્તુળ કચેરી ખાતે કાનબા હોસ્પિટલ, નિકોલ, અમદાવાદના સહયોગથી હેલ્થ ચેકઅપ કેમ્પનો કાર્યક્રમ યોજવામાં આવેલ. જેમાં પાલનપુર વર્તુળ કચેરી, પાલનપુર વિભાગીય કચેરી - ૦૧, પાલનપુર વિભાગીય કચેરી - ૦૨, પાલનપુર હાઈવે પેટા વિભાગીય કચેરી, પાલનપુર શહેર તથા ગ્રામ્યના કર્મચારીઓ ઉત્સાહ સાથે હાજર રહેલ.

યુજીવીસીએલના સંકલનથી યોજવામાં આવેલ હેલ્થ ચેકઅપ કેમ્પમાં કાનબા હોસ્પિટલના અનુભવી ડોક્ટર્સ દ્વારા નિદાન કરવામાં આવેલ. કેમ્પમાં વિવિધ રોગ અંગે સચોટ નિદાન કરી યોગ્ય દવાઓ અંગે નિર્દેશ કરેલ. આ કેમ્પમાં બ્લડપ્રેશર, બ્લડ સુગર તથા ઈ.સી.જી. વિનામૂલ્યે કરવામાં આવેલ. હેલ્થ ચેકઅપ કેમ્પનો અંદાજિત ૧૧૦થી વધુ કર્મચારીઓએ લાભ મેળવેલ. આવા હેલ્થ ચેકઅપ કાર્યક્રમો સમયાંતરે થાય તો દરેક કર્મચારી સારા સ્વાસ્થ્ય સાથે પોતાની ફરજમાં અનેરુ યોગદાન આપી શકે છે તેવો હેતુ આ કેમ્પ દરમિયાન સિદ્ધ થયેલ.

કાર્યક્રમના અંતે શ્રી આર.બી.શુક્લ, સહાયક સચિવ, પાલનપુર દ્વારા તમામ હોસ્પિટલ સ્ટાફ તથા કાર્યક્રમને સફળ બનાવવા બદલ સર્વે કર્મચારીઓનો આભાર વ્યક્ત કરેલ અને પોતાની ફરજની સાથે પોતાના સ્વાસ્થ્ય અંગે પણ હરહંમેશ જાગૃત રહે તેવી શુભકામનાઓ પાઠવી સમૂહમાં શપથ લઈ કાર્યક્રમની પૂર્ણાહુતિ કરેલ. ■








# હિંમતનગર વર્તુળ કચેરી ખાતે ૧૭મી ઈન્ટર સર્કલ ટેનીકોઈટ ટુર્નામેન્ટ યોજાઈ




તારીખ ૨૯ જૂન, ૨૦૨૪ના રોજ ૧૭મી ઇન્ટર સર્કલ ટેનીકોઈટ ટુર્નામેન્ટનું આયોજન હિંમતનગર વર્તુળ કચેરીના યજમાન પદે સાબર સ્ટેડિયમ, હિંમતનગર ખાતે કરવામાં આવેલ હતું. આ પ્રસંગે હિંમતનગર વર્તુળ કચેરીના અધિક્ષક ઇજનેર શ્રી જી.જે.ધનુલા સાહેબ, હિંમતનગર વિભાગીય કચેરીના કાર્યપાલક ઇજનેર શ્રી આર.ડી.વરસાત સાહેબ, હિંમતનગર વર્તુળ કચેરીના આસિસ્ટન્ટ સેક્રેટરી શ્રી આર.એમ.લિમ્બાચીયા સાહેબ અને મહેતાપુરા પેટા વિભાગીય કચેરીના નાયબ ઇજનેર શ્રી એ.એ.ખણુંસિયા સાહેબ ઉપસ્થિત રહેલ હતા. તમામ ઉપસ્થિત મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરીને ટુર્નામેન્ટની શરૂઆત કરવામાં આવેલ હતી. વધુમાં અધિક્ષક ઇજનેર શ્રી જી.જે.ધનુલા સાહેબે તેમના વક્તવ્ય દ્વારા જીવનમાં રમતગમતનું મહત્વ સમજાવ્યું હતું.

યુજીવીસીએલના કર્મચારીઓમાં ખેલદિલીની ભાવના વધે તથા જીવનમાં રમતગમતનું મહત્વ સમજાય તે હેતુથી અલગ અલગ રમતોનું આયોજન કરવામાં આવતું હોય છે, જેમાં કંપનીના દરેક અધિકારી - કર્મચારીગણ ઉત્સાહપૂર્વક સહભાગી થતા હોય છે. સદર ટેનીકોઈટ ટુર્નામેન્ટમાં યુજીવીસીએલની કોર્પોરેટ કચેરી તથા ત્રણ સર્કલમાંથી કુલ ૧૨ મહિલા ખેલાડીઓએ ભાગ લીધેલ હતો. જેમાં સિંગલ્સ મુકાબલામાં સાબરમતી વર્તુળ કચેરીનાં શ્રીમતી એચ.ડી.મિસ્ત્રી વિજેતા બનેલ તેમજ સાબરમતી વર્તુળ કચેરીનાં જ શ્રીમતી પી.આર.મકવાણા રનર્સ - અપ બનેલ. જ્યારે ડબલ્સ મુકાબલામાં સાબરમતી વર્તુળ કચેરીનાં શ્રીમતી એચ.ડી.મિસ્ત્રી તેમજ શ્રીમતી પી.આર.મકવાણા વિજેતા જાહેર થયેલ અને શ્રીમતી એન.કે.ગૌતમ અને શ્રીમતી યુ.એસ.સચાણિયા રનર્સ - અપ બનેલ.

અંતમાં, હિંમતનગર વર્તુળ કચેરીના અધિક્ષક ઇજનેર શ્રી જી.જે.ધનુલા સાહેબ દ્વારા વિજેતા તેમજ રનર્સ - અપ ખેલાડીઓને ઇનામ વિતરણ કરીને પ્રોત્સાહિત કરી ભાગ લેનાર તમામ ખેલાડીઓને અભિનંદન પાઠવેલ અને આગળ પણ તમામ ખેલાડીઓ આવી સારી રમત રમીને યુજીવીસીએલનું નામ રોશન કરે તેવી શુભેચ્છા પાઠવેલ. અંતમાં વર્તુળ કચેરીના સહાયક સચિવ શ્રી આર.એમ.લિમ્બાચીયા સાહેબ દ્વારા દરેક ખેલાડીઓ, રેફરી અને આયોજકોનો આભાર વ્યક્ત કરી ટુર્નામેન્ટને પૂર્ણ જાહેર કરવામાં આવેલ. ■










UGVCL
ઉત્તર ગુજરાત વીજ કંપની લિ.
આયોજીત
૧૭મી ઈન્ટર સર્કલ ટેનિકોઈટ ટુર્નામેન્ટ



# પાલનપુર વર્તુળ કચેરી ખાતે ૧૭મી ઈન્ટર સર્કલ ટેબલટેનિસ ટુર્નામેન્ટ યોજાઈ




તારીખ ૩૦ જૂન, ૨૦૨૪ના રોજ ૧૭મી ઇન્ટર સર્કલ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટનું આયોજન પાલનપુર વર્તુળ કચેરીના યજમાન પદે જી.ડી.મોદી વિદ્યાસંકુલ, પાલનપુર ખાતે કરેલ હતું. પાલનપુર વર્તુળ કચેરીના કાર્યપાલક ઇજનેર શ્રી એન.કે.તેજોત દ્વારા ટુર્નામેન્ટમાં પધારેલ તમામ ખેલાડીઓનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવેલ. ત્યારબાદ શ્રી એન.કે.તેજોત, શ્રી એસ.એચ.જાદવ (સીની. મેનેજર, ઇએમસી ઓફિસ, ગાંધીનગર), શ્રી બી.એસ.રાણા (એક્ઝિક્યુટિવ, એચ.આર., રજિ. કચેરી, મહેસાણા) તથા બંને રેફરીશ્રીઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરી ટુર્નામેન્ટની શરૂઆત કરવામાં આવેલ. શ્રી એન.કે.તેજોત દ્વારા આવેલ તમામ ખેલાડીઓનું શાબ્દિક સ્વાગત કરેલ તથા ખેલાડીઓ ખેલદિલીપૂર્વક ટુર્નામેન્ટમાં ભાગ લે અને રમતમાં પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન આપે તેવી શુભકામનાઓ પાઠવેલ. તદુપરાંત દરેક ખેલાડીઓને પોતાના વક્તવ્યમાં અંગત જીવનમાં રમતગમતનું મહત્વ સમજાવેલ.

ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં યુજીવીસીએલ, રજિસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ કચેરી, મહેસાણા તથા ચાર સર્કલની ટીમોએ ભાગ લીધેલ હતો. ૧૭મી ઇન્ટર સર્કલ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં ભાઈઓમાં ચેમ્પિયન સિંગલમાં શ્રી એસ.એચ.જાદવ (સીની. મેનેજર, ઇએમસી ઓફિસ, ગાંધીનગર) તથા શ્રી જે.એન.સોની (સીની. આસી. રજિ. કચેરી, મહેસાણા) થયેલ અને બહેનોમાં ચેમ્પિયન સિંગલ્સમાં શ્રીમતી એન.બી.પટેલ (નાયબ ઇજનેર, વિભાગીય કચેરી, હિંમતનગર) તથા રનર્સ - અપ શ્રીમતી એચ.એમ.પટેલ (જૂની. આસી., ઇએમસી ઓફિસ, ગાંધીનગર) થયેલ.


















પૂર્ણાહુતિ કાર્યક્રમમાં શ્રી આર.બી.શુક્લા (સહાયક સચિવ, વર્તુળ કચેરી, પાલનપુર) દ્વારા વિજેતા ખેલાડીઓને ટ્રોફી તથા ટીશર્ટ આપવામાં આવેલ તથા ટુર્નામેન્ટમાં ભાગ લેનાર તમામ ખેલાડીઓને અભિનંદન આપેલ અને ઇન્ટર કંપનીમાં સિલેક્ટ થયેલ ખેલાડીઓને યુજીવીસીએલ કંપનીનું નામ રોશન થાય તેવી શુભેચ્છાઓ પાઠવેલ. અંતમાં રેફરીશ્રી અને આયોજકોનો આભાર વ્યક્ત કરી ટુર્નામેન્ટને પૂર્ણ જાહેર કરવામાં આવેલ. ■



## વરસાદને વિનંતીપત્ર

રોજ રોજ આમ નખરા ન કર,
ખોટા ખોટા આમ વાયદા ન કર !

દાનત હોય વરસવાની, વરસી જા,
બિનજરૂરી આંટાફેરા ન કર !

સારું નથી લાગતું આ બધું તને,
હાલત પર અમારી હસ્યા ન કર !

સો વાતની બસ એક જ વાત,
લાંબી લાંબી આમ ચર્ચા ન કર !

વિનંતીઓ, પ્રાર્થનાઓ સૌ કરે છે,
હવે વધારે રાહ જોવડાવ્યા ન કર !

## વરસાદનો જવાબ

મારા માટે તું આમ કગર્યા ન કર,
સાવ આડેધડ વૃક્ષો કાપ્યા ન કર !

'કાર્બન', 'ગ્રીનહાઉસ' વાત ન કર,
વાતોના વડાથી જખમ ખણ્યા ન કર !

વાદળો બનાવવા રોજ મથ્યા કરું છું,
તું ઓઝોનમાં ગાબડાં પાડયા ન કર !

સૂકી ભઠ ધરા તો છે મારી પ્રિયતમા,
મને પ્રિયતમાથી દૂર રાખ્યા ન કર !

સમયસર આવતો રહીશ, શરત એટલી,
પ્રકૃતિ સાથે આમ ખેલ્યા ન કર !

- આર.જી.પટેલ,
સિનિયર આસિસ્ટન્ટ,
પાટણ વિભાગીય કચેરી.

## કર્મને તું પૂછ

માથાનો ધોળો વાળ ને ધોળી થઈ આ મૂંછ,
મરણ કેટલે આવ્યું જઈ ઘડપણને પૂછ !

બચપણ પાછું નૈ આવે, જઈ જવાની તુચ્છ,
મરણ કેટલું દૂર રહ્યું, જઈ સ્મશાનમાં પૂછ !

કોણ તારું - કોણ મારું, સાથે કોણ આવશે ?
કોણ અંતરથી રડશે, જઈ સગાને પૂછ !

મરણ જ નિશ્ચિત છે, બાકી કંઈ ના જાણું,
સમય સાથ આપે તો આંસુ કોઈ ના લૂંછ !

ઘણું લઈને આવ્યો તો ઘણું લઈ જવાનો,
સાથે શું લઈ જવાનો, 'અમૃત' કર્મને તું પૂછ !

- અમૃત શ્રીમાળી,
નિવૃત્ત અધિક્ષક (હિસાબ), મહેસાણા વર્તુળ કચેરી.

## મારા પપ્પા

મારા જીવન ઘડતરનો પાયો, પપ્પા...
જાણે ઘટાદાર વડલાનો છાંયો, પપ્પા...

ખભે બેસાડી દુનિયા દેખાડે, પપ્પા...
જિંદગીના બધા સ્વાદ ચખાડે, પપ્પા...

ચાલતાં પકડે મારી આંગળી, પપ્પા...
જોઈ હરખાય મારી નાની ડગલી, પપ્પા...

મૂકી એમના સપના અધૂરા, પપ્પા...
મારા સપના કરે પૂરા, પપ્પા...

ઠપકો આપી બનાવે ડાહ્યો, પપ્પા...
હંમેશા રહે પ્રગતિનો પડછાયો, પપ્પા...

દીકરાની પ્રગતિ જોઈ હરખાય, પપ્પા...
તમારા ગુસ્સામાં પણ 'પ્રણય' વરતાય, પપ્પા...

- પ્રણય વાવડીયા
અધિક્ષક હિસાબનીશ, રજિ. એન્ડ કોર્પોરેટ કચેરી, મહેસાણા

# પુસ્તક સાથે મૈત્રી

- મિત્રો, "પુસ્તક સાથે મૈત્રી" લેખમાળામાં આપનું સ્વાગત છે. પ્રાચીન યુગથી અર્વાચીન યુગ સુધીનો ઇતિહાસ જોઈશું, તો ખ્યાલ આવે છે કે માણસને મિત્ર સિવાય ચાલ્યું નથી. મિત્ર ડગલેને પગલે આપણને હરહંમેશ હૂંફ આપતો રહે છે. એ જ રીતે જો આજે આપણે પુસ્તકને મિત્ર બનાવીએ તો, પુસ્તક પણ આપણને સાચા મિત્ર તરીકેની ભૂમિકા ભજવી શકે તેમ છે.
- આપણા જીવનમાં આવતી સુખ કે દુઃખની પરિસ્થિતિમાં આપણો વ્યવહાર, વર્તન કે વાણી કેવી હોવી જોઈએ, તે આપણને તટસ્થ રીતે પુસ્તક મિત્ર જ કહી શકે છે. સાહિત્યકારોએ પુસ્તક વાંચનને વાંચન યાત્રાનો દરજ્જો આપ્યો છે. જેમ યાત્રાથી ભૌતિક સુખ મળે છે, તેમ વાંચન યાત્રાથી આધ્યાત્મિક સુખ મળે છે. જે ક્ષણભંગુર નથી, પણ નિરંતર, અવિનાશી સુખ છે. કોઈ વ્યક્તિ એમ કહે કે, મારી પાસે વાંચવાનો સમય નથી, તો એ ખોટું બોલે છે. સાચો જવાબ એ છે કે, મારી પાસે વાંચવા માટેના સમયનું મેનેજમેન્ટ નથી. ગમે તેટલી વ્યસ્ત વ્યક્તિ પણ ધારે તો આખા દિવસમાં અડધો કલાક તો કોઈ સારા પુસ્તકના વાંચન માટે ફાળવી શકે. દિવસે જો વ્યસ્ત હોય તો રાત્રિ વાંચન પણ કરી શકાય.
- જેમ અનુભવથી માણસ ઘડાય છે, તેમ પુસ્તક વાંચનથી માણસને જીવવાનું નવું બળ મળે છે. જીવનમાં બીજી સુટેવોની જેમ પુસ્તક વાંચવાની આદત પણ દરેક વ્યક્તિએ કેળવવી જોઈએ. આપણા જીવનમાં આવતી મુશ્કેલીઓનો સામનો કેવી રીતે કરવો તેનો ઉકેલ કેટલાક સંજોગોમાં પુસ્તકમાંથી પણ મેળવી શકાય છે. જે અનુભવથી જ જાણી શકાય તેમ છે. સારા પુસ્તકના વાંચનથી મગજ પ્રફુલ્લિત બને છે.
- જેમ આત્માનો ખોરાક પ્રાર્થના છે, અનાજ-પાણી શરીરનો ખોરાક છે, તેમ વાંચન એ મસ્તિષ્કનો ખોરાક છે. આજનો યુવાવર્ગ મોબાઈલને બદલે પુસ્તકને મિત્ર બનાવશે તો કદાચ આત્મહત્યાના પ્રસંગો ઘટશે. તે મરવા કે મારવાને બદલે જીવવા અને જીવાડવા માંગશે. સવારના ઊઠીને જેમ ગરદનથી નીચેના ભાગ (પેટ)ની જરૂરિયાતો પૂરી કરીએ છીએ, તેમ ક્યારેક ગરદનથી ઉપરના ભાગ (મગજ)ની પણ જરૂરિયાતો તરફ ધ્યાન આપવું જોઈએ. વાંચનયાત્રાનો અનુભવ અલૌકિક છે. ગંગા સ્નાન જેટલી જ પવિત્રતા પુસ્તક વાંચનમાં અગાઉ પણ હતી અને ભવિષ્યમાં પણ જળવાઈ રહેશે. તો આવો, આપણે સહુ આ લેખમાળા દ્વારા પુસ્તક વાંચન કરી "પુસ્તક સાથે મૈત્રી" કરીએ. જીવનને પ્રકાશમય બનાવીએ.

**- સી.સી.ચૌહાણ,**
**નાયબ અધિક્ષક (એચ.આર.),**
**સિદ્ધપુર ડિવિઝન ઓફિસ.**



## માઈક્રોફિક્શન ફાધર્સ ડે

આજે "ફાધર્સ ડે" ની ઉજવણી કરવા મુકેશભાઈના બંગલા પર
મળવાનું નક્કી કરવામાં આવ્યું.

ઉજવણીમાં આમંત્રિત મિત્રવર્તુળ
કુટુંબ સાથે આવવા લાગ્યા.

સગા-વહાલા અને સોસાયટીના
માણસોપણ આવી ગયા.

એક દેખાતા નહોતા મુકેશભાઈ !
એક મિત્રએ લાંબી રાહ જોયા પછી કહ્યું - "આ મુકેશ ક્યાં છે ?

અને ક્યાં છે બાપુજી ?
"બીજું તો કોઈ કશું ના બોલ્યું,

પણ મુકેશનો પુત્ર બોલ્યો !
"પપ્પા આવતા જ હશે, એ દાદાને લેવા વૃદ્ધાશ્રમ ગયા છે."

- અમૃત શ્રીમાળી,
નિવૃત્ત અધિક્ષક (હિસાબ), મહેસાણા વર્તુળ કચેરી.



### પ્રતિભાવ

નમસ્કાર,
"આપણું યુજીવીસીએલ"ની
૭૬મી સોફ્ટ આવૃત્તિ
અમોને મળી. ખૂબ ઉત્કૃષ્ઠ
અને સુઘડ આલેખન છે.
સચોટ માહિતીથી ભરપૂર છે.
વાંચીને ખૂબ આનંદ થયો...
અભિનંદન...

- લાલકૃષ્ણ પ્રજાપતિ
સિનિ. આસિ. (લીગલ),
વારાહી પેટા વિભાગીય કચેરી.

### પ્રતિભાવ

"આપણું યુજીવીસીએલ"નો
અંક ૭૬માં જુદા જુદા
માહિતીસભર લેખ, નિવૃત્તિ,
સત્કાર સમારંભો, કંપનીને
મળેલ એવોર્ડની જાણકારી,
લાઈનમેન દિવસની
ઉજવણી વગેરે... cccell ટીમની
ઉમદા કામગીરીને ધન્યવાદ.

- અમૃત શ્રીમાળી,
નિવૃત્ત અધિક્ષક (હિસાબ),
મહેસાણા વર્તુળ કચેરી.

# યુજીવીસીએલ, રજિસ્ટર્ડ કચેરી, મહેસાણા ખાતે અધિકારીઓના નિવૃત્તિ વિદાય સમારંભનું આયોજન

## શ્રી એમ. એચ. પટેલ (અધિક્ષક ઈજનેર, ટેકનિકલ), શ્રી એ.પી.પટેલ, અધિક્ષક ઈજનેર (મહેસાણા વર્તુળ કચેરી) અને શ્રી ડી.એ.ગુર્જર, કાર્યવાહક અધિક્ષક ઈજનેર (સિવિલ વિભાગ), યુજીવીસીએલ રજિસ્ટર્ડ કચેરી, મહેસાણાને ભાવભરી વિદાય



મેનેજિંગ ડિરેક્ટરશ્રીનું ઉદ્‌બોધન

તારીખ ૩૦ જૂન, ૨૦૨૪ના રોજ વયમર્યાદાને લીધે નિવૃત્ત થઈ રહેલ શ્રી એમ.એચ.પટેલ (અધિક્ષક ઇજનેર, ટેક.), શ્રી એ.પી.પટેલ, અધિક્ષક ઇજનેર (મહેસાણા વર્તુળ કચેરી) અને શ્રી ડી.એ.ગુર્જર, કાર્યવાહક અધિક્ષક ઈજનેર (સિવિલ વિભાગ)ને વિદાય આપવા માટેના સમારંભનું આયોજન તારીખ ૨૮ જૂન, ૨૦૨૪ના રોજ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી અરુણ મહેશ બાબુ (આઈ.એ.એસ.)ના અધ્યક્ષસ્થાને યુજીવીસીએલ, રજિસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ કચેરી, મહેસાણા સ્થિત કોન્ફરન્સ હોલ ખાતે કરવામાં આવેલ. આ પ્રસંગે મુખ્ય ઇજનેર (ઓપરેશન) શ્રી જી.એચ.એન્જિનિયર, કાર્યવાહક મુખ્ય ઇજનેર (પી.) શ્રી બી.જી.પ્રણામી, કંપની સેક્રેટરી શ્રી એન.એમ.જોશી, મહાપ્રબંધક (નાણાં) શ્રી આર.એમ.જૈન, વિશેષ મુખ્ય ઇજનેર (ટેક.) શ્રી જે.આર.ચૌધરી, કાર્યવાહક વિશેષ મુખ્ય ઇજનેર (કોમર્સ) શ્રી ડી.બી.પટેલ, કાર્યવાહક વિશેષ મહાપ્રબંધક (ભા.સં.) શ્રી વી.એચ.અસારી તથા કંપનીના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહેલ.

કાર્યક્રમની શરૂઆતમાં કાર્યવાહક વિશેષ મુખ્ય ઇજનેર શ્રી ડી.બી.પટેલ દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન કરવામાં આવેલ. તેઓએ નિવૃત્ત થઈ રહેલ ત્રણેય અધિકારીઓની કારકિર્દીનો ટૂંકમાં પરિચય આપીને તેમની કામગીરીને બિરદાવેલ તેમજ ત્રણેય અધિકારીઓને નિવૃત્ત જીવન માટે ખૂબ શુભેચ્છાઓ પાઠવેલ.

ત્યારબાદ આ પ્રસંગે અન્ય અધિકારીઓ દ્વારા નિવૃત્ત થઈ રહેલ ત્રણેય અધિકારીઓ સાથેના સંસ્મરણો યાદ કરીને નિવૃત્ત જીવન માટે ખૂબ શુભેચ્છાઓ પાઠવેલ. ■

## મેનેજિંગ ડિરેક્ટર શ્રી અરુણ મહેશ બાબુ (આઈ.એ.એસ.) ના હસ્તે સન્માનપત્ર અર્પણ કરીને નિવૃત્ત થઈ રહેલ ત્રણેય અધિકારીઓનું સન્માન કરવામાં આવેલ.







## શ્રી જી.એચ.એન્જિનીયર, મુખ્ય ઈજનેર (ઓપરેશન) દ્વારા વયનિવૃત્ત થઈ રહેલ ત્રણેય અધિકારીઓનું શાલ દ્વારા સન્માન કરવામાં આવેલ.










## કાર્યવાહક મહાપ્રબંધક (નાણા) શ્રી આર.એમ.જૈન દ્વારા વયનિવૃત્ત થઈ રહેલ ત્રણેય અધિકારીઓને નિવૃત્તિ અંગેના લાભોના ચેક અર્પણ કરવામાં આવેલ.









## વયનિવૃત્ત થઈ રહેલ ત્રણેય અધિકારીઓનું શ્રીફળ-શુકન દ્વારા સન્માન કરવામાં આવેલ.






## વયનિવૃત્ત થઈ રહેલ ત્રણેય અધિકારીઓનું પુષ્પગુચ્છ દ્વારા સન્માન કરવામાં આવેલ.











નિવૃત્ત થઈ રહેલ શ્રી એમ.એચ.પટેલએ તેઓની કારકિર્દી વિશેના અનુભવો - પ્રસંગો યાદ કરીને કાર્યકાળ દરમિયાન સાથ અને સહકાર આપનાર તમામ નાનામાં નાના કર્મચારીથી માંડી ઉચ્ચ અધિકારીઓનો આભાર વ્યક્ત કરેલ.

## શ્રી એમ.એચ.પટેલની કારકિર્દી વિશે

શ્રી એમ.એચ.પટેલની કારકિર્દીની શરૂઆત તારીખ ૩૧ જુલાઈ, ૧૯૯૦ના રોજ વડગામ પેટા વિભાગીય કચેરી ખાતે જુનિયર ઈજનેર તરીકે થયેલ. ત્યારબાદ તારીખ ૦૧ ઓક્ટોબર, ૧૯૯૧ના રોજ વિજાપુર વિભાગીય કચેરી ખાતે બદલી મેળવેલ અને તારીખ ૨૮ સપ્ટેમ્બર, ૧૯૯૨ના રોજ ગોઝારીયા પેટા વિભાગીય કચેરી ખાતે બદલી મેળવેલ. ત્યારબાદ તારીખ ૨૮ માર્ચ, ૧૯૯૪ના રોજ ફરી વિજાપુર વિભાગીય કચેરી ખાતે બદલી મેળવેલ તથા તારીખ ૨૫ ઓક્ટોબર, ૨૦૦૬ના રોજ નાયબ ઇજનેર તરીકે બઢતી મેળવી કાકોશી પેટા વિભાગીય કચેરી ખાતે ફરજ બજાવેલ. તારીખ ૧૬ જાન્યુઆરી, ૨૦૦૯ના રોજ વિજાપુર પેટા વિભાગીય કચેરી ખાતે બદલી મેળવેલ. તારીખ ૨૫ સપ્ટેમ્બર, ૨૦૧૩ના રોજ કંપની હિતમાં ફરી વિજાપુર વિભાગીય કચેરી ખાતે બદલી થયેલ. તારીખ ૧૧ ડિસેમ્બર, ૨૦૧૯ના રોજ કાર્યપાલક ઇજનેર તરીકે બઢતી મેળવી બાવળા વિભાગીય કચેરી ખાતે કાર્યભાર સંભાળેલ અને તારીખ ૦૬ એપ્રિલ, ૨૦૨૧ના રોજ કંપની હિતમાં બદલી મેળવી કલોલ વિભાગીય કચેરી ખાતે કાર્યપાલક ઇજનેર તરીકે કાર્યભાર સંભાળેલ અને છેલ્લે કારકિર્દીના અંતિમ તબક્કામાં કંપની હિતમાં કંપનીની રજિસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ કચેરી ખાતે તારીખ ૧૨ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ બદલી થયેલ, ત્યારબાદ તારીખ ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ કંપનીની રજિસ્ટર્ડ કચેરી ખાતે જ અધિક્ષક ઈજનેર તરીકે બઢતી મેળવી ત્યારથી કંપનીની રજિસ્ટર્ડ કચેરી ખાતે પોતાની કામગીરી દ્વારા આગવી ઓળખ ઊભી કરનાર શ્રી એમ.એચ.પટેલ તારીખ ૩૧ જુલાઈ, ૧૯૯૦થી તારીખ ૩૦ જુન, ૨૦૨૪ સુધીની લાંબી કારકિર્દી સફળતાપૂર્વક પૂર્ણ કરી વયમર્યાદાને લીધે નિવૃત્ત થઈ રહેલ છે.








નિવૃત્ત થઈ રહેલ શ્રી એ.પી.પટેલએ પણ તેઓની કારકિર્દી વિશેના અનુભવો, પ્રસંગો યાદ કરીને કાર્યકાળ દરમિયાન સાથ અને સહકાર આપનાર તમામ નાનામાં નાના કર્મચારીથી માંડી ઉચ્ચ અધિકારીઓનો આભાર વ્યક્ત કરેલ.

## શ્રી એ.પી.પટેલની કારકિર્દી વિશે

શ્રી એ.પી.પટેલની કારકિર્દીની શરૂઆત તારીખ ૦૩ નવેમ્બર, ૧૯૮૯ના રોજ તલોદ પેટા વિભાગીય કચેરી ખાતે જુનિયર ઈજનેર તરીકે થયેલ. ત્યારબાદ તારીખ ૨૧ એપ્રિલ, ૧૯૯૦ના રોજ તલોદ વિભાગીય કચેરી ખાતે જુનિયર ઈજનેર તરીકે બદલી મેળવેલ. તારીખ ૦૨ ડિસેમ્બર, ૧૯૯૬ના રોજ કંપની હિતમાં અંકલેશ્વર ઇન્ડસ્ટ્રીયલ વિભાગીય કચેરી ખાતે બદલી થયેલ. ત્યારબાદ તારીખ ૦૩ જૂન, ૧૯૯૯ના રોજ બારેજડી - ૦૧ પેટા વિભાગીય કચેરી ખાતે બદલી મેળવેલ અને તારીખ ૦૨ ફેબ્રુઆરી, ૨૦૦૩ના રોજ કંપની હિતમાં ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન ખાતે બદલી થયેલ અને તારીખ ૦૧ એપ્રિલ, ૨૦૦૫ના રોજ બારેજડી - ૦૨ પેટા વિભાગીય કચેરી ખાતે બદલી મેળવેલ. તારીખ ૧૪ સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ નાયબ ઇજનેર તરીકે બઢતી મેળવી કુજાડ પેટા વિભાગીય કચેરી ખાતે કાર્યભાર સંભાળેલ. તારીખ ૧૦ સપ્ટેમ્બર, ૨૦૧૧ના રોજ કંપની હિતમાં ઇ.એમ.સી. ગાંધીનગર ઓ. એન્ડ એમ. વિભાગીય કચેરી ખાતે બદલી થયેલ, ત્યારબાદ તારીખ ૩૧ ઓગસ્ટ, ૨૦૧૨ના રોજ કંપની હિતમાં અડાલજ વિભાગીય કચેરી ખાતે બદલી થયેલ. તારીખ ૦૭ ઓગસ્ટ, ૨૦૧૪ના રોજ કંપની હિતમાં સાબરમતી વર્તુળ કચેરી ખાતે અને તારીખ ૧૯ જુલાઈ, ૨૦૧૬ના રોજ નરોડા અર્બન પેટા વિભાગીય કચેરી ખાતે બદલી મેળવેલ. તારીખ ૧૩ ડિસેમ્બર, ૨૦૧૯ના રોજ કાર્યપાલક ઇજનેર તરીકે બઢતી મેળવી મોડાસા વિભાગીય કચેરી ખાતે કાર્યભાર સંભાળેલ. ત્યારબાદ તારીખ ૧૮ મે, ૨૦૨૧ના રોજ ગાંધીનગર અર્બન વિભાગીય કચેરી ખાતે બદલી મેળવેલ. તારીખ ૦૩ ઓક્ટોબર, ૨૦૨૨ના રોજ કંપની હિતમાં કાર્યવાહક અધિક્ષક ઇજનેર તરીકે મહેસાણા વર્તુળ કચેરી ખાતે કાર્યભાર સંભાળેલ અને તારીખ ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ મહેસાણા વર્તુળ કચેરી ખાતે જ અધિક્ષક ઇજનેર તરીકે બઢતી મળેલ.








નિવૃત્ત થઈ રહેલ શ્રી ડી.એ.ગુર્જરએ પણ તેઓની કારકિર્દી વિશેના અનુભવો, પ્રસંગો યાદ કરીને કાર્યકાળ દરમિયાન સાથ અને સહકાર આપનાર તમામ નાનામાં નાના કર્મચારીથી માંડી ઉચ્ચ અધિકારીઓનો આભાર વ્યક્ત કરેલ.

## શ્રી ડી.એ.ગુર્જરની કારકિર્દી વિશે

શ્રી ડી.એ.ગુર્જરની કારકિર્દીની શરૂઆત તારીખ ૧૨ મે, ૧૯૯૪ના રોજ નખત્રાણા પોલ ફેક્ટરી ખાતે જુનિયર ઈજનેર તરીકે થયેલ. ત્યારબાદ તારીખ ૨૧ સપ્ટેમ્બર, ૧૯૯૫ના રોજ કંપની હિતમાં માધાપર પોલ ફેક્ટરી ખાતે અને ૧૫ જુલાઈ, ૧૯૯૬ના રોજ અંજાર પોલ ફેક્ટરી ખાતે બદલી થયેલ. ત્યારબાદ તેઓએ તારીખ ૨૭ નવેમ્બર, ૨૦૦૦ના રોજ સિદ્ધપુર પોલ ફેક્ટરી ખાતે બદલી મેળવેલ અને તારીખ ૨૯ સપ્ટેમ્બર, ૨૦૧૨ના રોજ કંપની હિતમાં સાબરમતી વર્તુળ કચેરી ખાતે બદલી થયેલ. તારીખ ૦૨ જુલાઈ, ૨૦૧૪ના રોજ નાયબ ઇજનેર તરીકે બઢતી થઈ અને મહેસાણા વર્તુળ કચેરી ખાતે નિમણૂક થયેલ. ત્યારબાદ તારીખ ૦૯ જુલાઈ, ૨૦૧૮ના રોજ કંપની હિતમાં રજિસ્ટર્ડ કચેરી, મહેસાણા ખાતે બદલી થયેલ તથા રજિસ્ટર્ડ કચેરી ખાતે જ તારીખ ૨૨ જૂન, ૨૦૨૧ના રોજ કાર્યપાલક ઇજનેર તરીકે બઢતી મેળવી કાર્યભાર સંભાળેલ.







મુખ્ય ઇજનેર (ઓપી.) શ્રી જી.એચ.એન્જિનિયર દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન કરવામાં આવેલ અને વય નિવૃત્ત થતા ત્રણેય અધિકારીઓને નિવૃત્ત જીવન માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવેલ.

કાર્યક્રમને અંતે પ્રસંગને અનુરૂપ ઉદ્‌બોધનમાં મેનેજિંગ ડિરેક્ટર શ્રી અરુણ મહેશ બાબુ (આઈ.એ.એસ.)એ પણ નિવૃત્ત થઈ રહેલ ત્રણેય અધિકારીઓને તેઓનું નિવૃત્તિ બાદનું જીવન સુખ, સમૃદ્ધિ અને આરોગ્યમય રહે તે બદલ ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવેલ અને જણાવેલ કે કંપનીને ભવિષ્યમાં જ્યારે પણ તેઓના અનુભવની જરૂર પડે ત્યારે કંપનીને મદદરૂપ થઈને તેઓ કંપની સાથે હંમેશા જોડાયેલ રહે તેવો અનુરોધ કરેલ.

કાર્યક્રમનું સફળ સંચાલન શ્રીમતી આર.એ.મનસુરી, જુનિયર આસિસ્ટન્ટ, ટેકનિકલ વિભાગ તથા એચ.આર.વિભાગ દ્વારા કરવામાં આવેલ.

યુજીવીસીએલ પરિવાર તેમના સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે શુભકામનાઓ પાઠવે છે. ■

# રિટાયર્ડ (નિવૃત) થયા પછી એકલા પડી ગયેલા વ્યક્તિને થયેલુ આત્મજ્ઞાન

**હું કોણ ?**

બંગલા બનાવ્યા, ફાર્મ હાઉસ ખડક્યા, ફ્લેટમાં રોક્યા, અત્યારે **ચાર દિવાલ વચ્ચે પૂરાયો છું.**
સાયકલથી શરુઆત કરી, મોપેડ લીધું, બાઈક લીધી, ગાડીઓ ખરીદી,
અત્યારે રૂમે રૂમ **પગપાળા સફર ખેડુ છું.**
કુદરત હસીને બોલી -"કોણ છે ભાઈ તું ?
**મે કહ્યું - " હું ",**
રાજ્યો જોયા, દેશ જોયો, વિદેશ ફર્યો,
અત્યારે ડ્રોઈંગ રૂમથી **કીચનની સફર ખેડું છું.**
દેશ-વિદેશની સંસ્કૃતિઓ વાંચી, અત્યારે **પરિવારને વાંચુ છું.**
કુદરત હસીને બોલી - "કોણ છે ભાઈ તું ?’’
**મે કહ્યું - " હું ",**
બર્થડે, સગાઇ, લગ્નમાં ધુમાડા બંધ જમાડ્યા, અત્યારે **શાકભાજીમાં કરકસર કરું છું.**
ગાય, કુતરા માટે જે વધારાની રોટલી બનતી, **એટલું જ જમું છું.**
કુદરત હસીને બોલી - "કોણ છે ભાઈ તું ?"
**મે કહ્યું - " હું ",**
સોના, ચાંદી, હીરા, મોતીના સેટ **બધું લોકરમાં છે.**
સૂટ, શેરવાની, બ્લેઝર **બધું કબાટમાં છે,** અત્યારે ફક્ત ઝભ્ભા લેંઘામાં ટેસથી ટહેલું છું.
કુદરત હસીને બોલી - "કોણ છે ભાઈ તું ?’’
**મે કહ્યું - " હું ",**
ઈંગ્લિશ, ફ્રેન્ચ, રશિયન, જર્મન, શીખ્યો અત્યારે સમાચારો **ગુજરાતીમાં વાંચું છું.**
કુદરત હસીને બોલી - "કોણ છે ભાઈ તું ?
**મે કહ્યું - " હું ",**
નોકરી-ધંધા માટે પ્રવાસો તો અઢળક કર્યા, અત્યારે એના **ફાયદા - ગેરફાયદા વિશે વિચારું છું.**
ધંધો વિકસાવ્યો, વહાણ ભરીને સગાવહાલાં છે, સંબંધો વધાર્યા, મિત્રો બનાવ્યા, અત્યારે પાડોશી સાથે
**સબંધ સૌથી સારા લાગે છે.**
ભણતરમા નિયમો તો હજારો શીખ્યો, અત્યારે **કોઠાસૂઝ કામે લગાડું છું.**
જિંદગીભરની રઝળપાટ અને દુન્યવી ઘોંઘાટ પછી, હાથમાં માળાના મણકા ફેરવતા પહેલીવાર
**આત્માનો અવાજ સંભળાયો.**
હવે બહુ થયું, જાગ મુસાફિર ઘરે પાછા ફરવાની તૈયારી કર.
કુદરત હસીને બોલી - "કોણ છે ભાઈ તું ?
**મે કહ્યું - " હું ",**
હે કુદરત,તારો જ અંશ છું.
હવામાં ઉડતો હતો, આવી ગયો છું જમીન પર.
માફ કર આ માનવજાતને આપી દે એક **મોકો જીવતર સુધારવાનો.**
માનવ બનીને જીવવાનો.સંસ્કૃતિ સાથે જીવવાનો.
**- એક નિવૃત કર્મચારી**

# ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજિસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ ઓફિસ, વિસનગર રોડ, મહેસાણા

UGVCL

## મેનેજિંગ ડિરેક્ટરશ્રીનો વીજ સલામતી સપ્તાહ સંદેશ

**પ્રિય કર્મચારી મિત્રો,**

દર વર્ષની જેમ આ વખતે પણ આપણે **તારીખ: ૦૧.૦૬.૨૦૨૪ થી તારીખ: ૦૭.૦૬.૨૦૨૪** દરમ્યાન આપણે સૌ **"વીજ-સલામતી સપ્તાહ"** ની ઉજવણી કરવા જઈ રહ્યા છીએ. **"વીજ-સલામતી સપ્તાહ"** નિમિત્તે આપ સર્વેને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું.

આપણી કંપની અતિઆવશ્યક સેવા સાથે સંકળાયેલ હોઈ આપણે સૌ વિપરીત સંજોગોમાં પણ વીજ-વિતરણની કામગીરી સતત કરતા આવ્યા છીએ. વીજ-વિતરણની કામગીરી વિના વિક્ષેપે થાય તેમજ વીજ-ફરિયાદોમાં ઘટાડો થાય અને કંપની પ્રત્યેનો આપણા માનવંતા ગ્રાહકોનો વિશ્વાસ વધે તે માટે આપણે સૌ સતત પ્રયત્નશીલ છીએ. આ સાથે કંપની વીજ-અકસ્માત નિવારણ અંગે પણ સતત ચિંતિત છે તેવા સંજોગોમાં આપ સર્વે કર્મચારી મિત્રોએ લાઈન પર કામ કરતી વખતે વીજ સલામતી સુરક્ષાના સાધનોનો કાળજીપૂર્વક ઉપયોગ કરી સાવચેતીપૂર્વક કામ કરવા નમ્ર અપીલ છે.

તાજેતરમાં ભારત સરકાર દ્વારા વીજવિતરણ કંપનીઓના વીજ માળખાને વધુ સુદૃઢ, સલામત અને સુરક્ષિત બનાવીને વીજ ગુણવત્તામાં સુધારા દ્વારા અવિરત વીજ પુરવઠો પૂરો પાડવા માટે RDSS (રિવેમ્પ્ડ ડિસ્ટ્રિબ્યુશન સેક્ટર સ્કીમ) યોજનાને મંજુરી આપવામાં આવેલ છે. જે અંતર્ગત યુજીવીસીએલ દ્વારા પણ આ યોજનાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે જેમાં મુખ્યત્વે પ્રાથમિક ધોરણે શહેરી વિસ્તારની ઓવરહેડ વીજ-લાઈનોને અંડરગ્રાઉન્ડમાં રૂપાંતરિત કરવામાં આવશે જેનાથી વીજ માળખું વધુ સુરક્ષિત અને વિશ્વસનીય બનશે અને ઘણાં નોંધપાત્ર સલામતીના લાભો પ્રદાન થશે તથા વીજ-અકસ્માતો પણ નિવારી શકાશે.

મિત્રો, તાજેતરમાં જ ભારત સરકાર દ્વારા ''લાઈનમેન દિવસ''ની ઉજવણી અંતર્ગત સલામતી સાથે ઉત્કૃષ્ઠ કામગીરી કરવા બદલ આપણી કંપનીના ત્રણ કર્મચારીઓનું દિલ્હી ખાતે સન્માન કરવામાં આવેલ જે આપણા સૌ માટે ખૂબ જ ગર્વની વાત છે. સન્માનિત કર્મચારીઓ દ્વારા લેવામાં આવેલા સમર્પણ અને સક્રિય પગલા દ્વારા જ આપણે સલામતીના ઉચ્ચતમ ધોરણોને જાળવી શક્યા છીએ. તેઓના યોગદાનથી માત્ર સંભવિત ઘટનાઓને અટકાવી શકાઈ નથી પરંતુ અન્ય કર્મચારીઓને અનુસરવા માટે એક માપદંડ પણ સ્થાપિત કર્યો છે.

વધુમાં આપ સર્વેને મારી નમ્ર વિનંતી છે કે, આ વાત માત્ર **"વીજ-સલામતી"** સપ્તાહ પુરતી જ સીમિત ન રાખતાં સમગ્ર વર્ષ દરમિયાન દરેક સપ્તાહને **"વીજ-સલામતી સપ્તાહ"** તરીકે ઉજવણી કરીને સફળ બનાવીએ તેમજ વીજ-સુરક્ષાના નિયમોનું ચુસ્ત પાલન કરી આપ સૌનું જીવન સુરક્ષિત રહે તે મુજબની કામગીરી કરીને **"વીજ-સલામતી સપ્તાહ"**ની ઉજવણીને ખરા અર્થમાં સાર્થક કરીએ.

આપ સૌની હરહંમેશ કુશળતા ઈચ્છતો...

**અરુણ મહેશ બાબુ** (એમ.એસ.), આઇ.એ.એસ.
**મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ**

UGVCL

# યુજીવીસીએલના માનવંતા ગ્રાહકો માટે વિવિધ ગ્રાહકલક્ષી સેવાઓ



## મધ્યસ્થ ગ્રાહક સુવિધા કેન્દ્ર (C.C.C.)

આપની વીજ સંબંધિત ફરિયાદ નીચેના વિવિધ વિકલ્પો દ્વારા સરળતાથી કરી શકશો.

- ટોલ ફ્રી નંબર : ૧૯૧૨૧ અથવા ૧૮૦૦ ૨૩૩ ૧૫૫ ૩૩૫
- વેબસાઈટ: http://www.ugvcl.com
- ઇ-મેઈલ: ccc@ugvcl.com
- વોટ્સએપ ચેટ-બોટ : ૯૮૨૫૮ ૧૯૧૨૧
- HT ગ્રાહક હેલ્પલાઈન : ૬૩૫૬૬ ૨૦૦૨૧




## સેન્ટ્રલાઈઝડ પ્રોસેસિંગ સેન્ટર (C.P.C.)

**એલ.ટી. વીજ જોડાણ :**

આપના તમામ પ્રકારના નવીન વીજ જોડાણ, વીજ ભાર વધારો-ઘટાડો, નામ ફેર વગેરેની અરજી વેબસાઈટ દ્વારા ઘરે બેઠા કરી શકશો.

વેબસાઈટ: https://portal.guvnl.in/login.php

**એચ.ટી. વીજ જોડાણ:**

આપના નવીન HT વીજ જોડાણ (૧૦૦ કિલો વોટથી વધારે), વીજ ભાર વધારો-ઘટાડો, નામ ફેર વગેરેની અરજી વેબસાઈટમાં "Visit Request For HT Connection" પર ક્લિક કરીને ઘરે બેઠા કરી શકશો.

વેબસાઈટ: https://portal.guvnl.in/login.php

સેન્ટ્રલાઈઝડ પ્રોસેસિંગ સેન્ટર (C.P.C.) દ્વારા ભારે દબાણના વીજ જોડાણોની અરજીઓના ઝડપથી નિકાલ માટે સંપર્ક કરો.

મોબાઈલ નંબર : ૯૮૭૯૨ ૦૦૭૯૬



## વીજ બીલની ઓનલાઈન ચુકવણી

આપના તમામ પ્રકારના વીજ બીલોની ચુકવણી વિવિધ ઓનલાઈન માધ્યમો દ્વારા આપની અનુકુળતાએ કરી શકશો.

જેમાં નેટ બેન્કિંગ, યુજીવીસીએલની વેબ સાઈટ, બેન્કોની વેબસાઈટ, ડેબીટ કે ક્રેડીટ કાર્ડ દ્વારા, વિવિધ UPI એપ જેવા વિકલ્પો ઉપલબ્ધ છે.



સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજ પુરવઠો પૂરો પાડવા સમર્પિત...

## ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ, વિસનગર રોડ, મહેસાણા-૩૮૦૦૦૧.

**આપણું યુજીવીસીએલ**

**www.ugvcl.com**

આ અંક આપને કેવો લાગ્યો?
આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી,
લેખ, કાવ્યો વગેરે આપ બાજુનાં ઈમેઈલ
આઈડી પર મોકલી શકો છો.

cccell@ugvcl.com